
વર્ષ ૨ અંક ૧ ચૈત્ર વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીવરૂથિની એકાદશી વ્રત – **શ્રીમહાપ્રભુ પ્રાકટ્યોત્સવ**

તાત તણો પ્રતિબિંબ રે રસના – ૧

શ્રીગિરિવરધર અતિવલ્લભ શ્રીઆચાર્યજીનું મન,
શ્રીપાર્વતી વહુજીના જીવન શ્રીગુસાંઇજીનું સર્વસ્વધન.
રસદાયક રસપોષક રસમય રસનું ધામ,
મોહન નવરસ રંજન ગોકુલરત્ન વિશ્રામ.



સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજ,

જૈ જૈ શ્રીગોકુલેશ,

શ્રીગોકુલેશ પાઠશાળા ને આજે પ્રકાશિત થતાં એક વર્ષ પૂર્ણ થયાં. એક વર્ષ પૂર્વ આજના જ દિવસે આપણે આ અંકની શરુઆત કરી હતી. આજે આપણે શ્રીગોકુલેશ પાઠશાળાના બીજા મંગલમય વર્ષમાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ. તે સમયે કેવળ એક વિષય લઇને અંકની શરુઆત કરી હતી. અને આજે આપણે અનેક વિષયોને સાથે માર્ગનો સિદ્ધાંત સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુ, ચતુર્થપીઠાધિશ્વર પૂજ્યચરણ ગુરુદેવ ગોસ્વામી શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી અને આપશ્રીના આત્મજ પૂજ્યચરણ શ્રીવિઠ્ઠલરાયજી બાવાશ્રીની પરમ કૃપાથી આ ભગીરથ કાર્ય પાર પડ્યું. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યને ૫૩૧માં મંગલ વર્ષથી એક નવો અભિગમ શરુ કરેલ છે. **તાત્ તણો પ્રતિબિંબ રે રસના**....આપણો અલૌકિક અને અનન્ય નિષ્ઠ શ્રીચતુર્થદ્વાર શ્રીગોકુલેશ પ્રભુના નામથી પ્રકાશિત છે. કારણ શ્રીગોકુલેશ પ્રભુ તો શ્રીમહાપ્રભુજીનું પ્રતિબિંબ સ્વરૂપ છે. આપણે શ્રીગોકુલેશ પ્રભુના જીવન વૃત્તાંત પણ જોવાનો લ્હાવો લઇશું. પણ એ પહેલાં આજના મંગલ અવસર પર શ્રીગોકુલેશ પાઠશાળા વતી સર્વ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સમાજને શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યોત્સવની હાર્દિક વધાઇ.

રાગ રામકલી-

સુનો રી આજ નવલ વધાયો હેં,

શ્રીલક્ષ્મણગૃહ પ્રકટ ભયે હેં શ્રીવલ્લભ મનભાયો હેં .૧.

બાજત આવજ ઢોલક મહુવર ધનજ્યોં ઢોલ બજાયો હેં;

કોકિલકંઠ નવલ વનિતા મિલ મંગલ ગાયો હેં .૨.

હરદી તેલ સુગંધ સુવાસિત લાલન ઉવટ ન્હવાયો હે;

નખસિખલોં આભૂષણ ભૂષિત પીતાંબર પહરાયો હેં .૩.

આશન વસન કંચનમણિમાણિક ઘર ઘર યાચક પાયો હેં;

શ્રીવિઠ્ઠલ ગિરિધરણ કૃપાનિધિ પલનામાંઝ ઝુલાયો હેં .૪.

શ્રીમહાપ્રભુજી, ઉભય શ્રીપ્રભુચરણ (શ્રીગોપીનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી), સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુ, અને શ્રીગુરુચરણની કૃપા આપણા સર્વ પર વરસતી રહે, અને આપણે આ માર્ગ પર શ્રીમહાપ્રભુજીની વાણી દ્વારા માર્ગના સિદ્ધાંતને યથાર્થરૂપે સમજી શકીએ, એજ આપણા પર કૃપા કહેવાય.

આપ સૌને શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યોત્સવ પર હાર્દિક વધાઇ.

ભાવત્ક

દાસ ગોપાલ (વડોદરા), રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ)

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

ભક્તિમાર્ગે પ્રવૃત્તસ્ય દાઢ્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે ।


અન્ધસ્ય સૂર્યઇવ તદ્વિમુખસ્ય ન અત્ર અર્થિતા ।।

(શ્રીગુસાંઇજી કૃત નવરત્નપ્રકાશ)

જે પુષ્ટિમાર્ગપર પ્રવૃત્ત થયો છે, જે પુષ્ટિમાર્ગ ઉપર ચાલવા માંગે છે. *પુષ્ટિમાર્ગે પ્રવૃત્તસ્ય દાઢ્યાર્થમ્ ઇદમ્ ઉચ્યતે*, આ જે કાંઇ ઉપદેશ આપવામાં આવી રહ્યો છે તે પુષ્ટિમાર્ગ ઉપર પોતાના દ્દઢ ડગલા ભરી શકે તેના માટે આપવામાં આવેલો છે. *અન્ધસ્ય સૂર્ય ઇવ* આંધળા માણસને સૂર્ય ઊગે કે આથમે તેનાથી કશો ફરક નથી પડતો.

આજના શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યોત્સવ પર આપ સૌ ને હાર્દિક વધાઇ. સાથેજ આજનો દિવસે, જો આપણે શ્રીમહાપ્રભુજી વિશે ન જાણીએ તો માર્ગની સમજમાં આપણી ઉણપ વર્તાય છે. ચાલો આપણે શ્રીમહાપ્રભુજી વિશે થોડી સમજણ લઇએ.

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય



આપણા પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય - માર્ગ બતાવનાર શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીને સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજી અથવા શ્રીમદાચાર્યચરણના નામથી ઓળખીએ છીએ. શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય સંવત્ ૧૫૩૫ ચૈત્ર કૃષ્ણ ૧૧ના રોજ ચંપારણ્યમાં થયું છે. તે પહેલાં આપ શ્રીગોપીજનવલ્લભ પાસે નિત્યલીલામાં બિરાજતા હતા. શ્રીગોકુલાધીશ પ્રભુની એવી ઈચ્છા થઈ કે-જે માર્ગ શ્રીગોપીજન જેવા ભક્તોએ પ્રકટ કરી બતાવ્યો છે તેવા શુદ્ધ પુષ્ટિમાર્ગને પ્રકટ કરી પ્રચાર કરવો છે, અને શ્રીમદ્ભાગવતનો ગૂઢ આશય પ્રકટ કરવો છે, કે જેથી નિ:સાધન જીવનો ઉદ્ધાર થાય. આ શ્રીમદ્ભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરી પુષ્ટિમાર્ગને સ્થાપન કરવાનું સામર્થ્ય કોનું છે? તેનો વિચાર કરતાં પોતાના મુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજીનામાં તે સામર્થ્ય જોયુ, અને શ્રીમહાપ્રભુજીને પુષ્ટિમાર્ગ પ્રકટ કરવાની અને શ્રીભાગવતના ગૂઢાર્થને પ્રકટ કરવાની આજ્ઞા આપી. કારણ કે શ્રીમહાપ્રભુજી સ્વયં अर्थं तस्य विवेचितुं न हि विभुः वैश्वानराद्वाक्पतेः । શ્રીમહાપ્રભુજીએ શ્રીપ્રભુના આશયને સમજી ભૂતલ ઉપર પધારવાનો નિશ્ચય કર્યો.

ભગવાનને પ્રકટ થવાને શુદ્ધ કુલ જોઈએ. જેને ત્યાં ભગવાનનો આવિર્ભાવ થાય એ પરમભાગ્યવાન્ જ હોય છે, શ્રીમહાપ્રભુનો અવતાર પણ શુદ્ધ કુલમાં જ થયો છે.

શ્રીમહાપ્રભુજીના પૂર્વજો સોમયાજી હતા. સોમયાજી એટલે જેમને સોમ યજ્ઞ કર્યા હોય તે સોમયાજી. શ્રીયજ્ઞનારાયણ ભટ્ટથી આરંભી શ્રીલક્ષ્મણ ભટ્ટ સૂધીમાં ૧૦૦ સોમયાગ (સોમયજ્ઞ) થયા હતા. ભગવાને ૧૦૦ સોમયાગ પુરા થયા બાદ શ્રીમહાપ્રભુ પહેલાં સાતમી પેઢીએ થયેલા શ્રીયજ્ઞનારાયણ દીક્ષિતને તેમના વંશમાં અવતાર લેવાનું વચન આપ્યું હતું. આ પ્રમાણે શ્રીલક્ષ્મણભટ્ટજી સૂધીમાં ૧૦૦ સોમયાગ પુરા થતાં સોમયાગથી શુદ્ધ પવિત્ર કુલમાં ભગવાને પ્રકટ થવાનો નિશ્ચય કર્યો.

શ્રીલક્ષ્મણભટ્ટજી વિદ્યાનગરના રાજપુરોહિત સુશર્મા બ્રાહ્મણની ઈલ્લમાગારુ નામની કન્યાને પરણ્યા હતા. તે ઘણો વખત કાશીમાં જ રહેતા હતા. ત્યાં ઉપદ્રવ થવાથી આપનાં ધર્મપત્ની ઈલ્લમાગારુજીને લઈને કાશીથી બહાર નીકળી ગયા. માર્ગમાં ચંપારણ્ય આગળ (સપ્તમાસિક) ગર્ભનો શ્રાવ થયો. આ ગર્ભને મૃત જાણી એક શમીવૃક્ષ (શમડાના

વૃક્ષ) આગળ મુકી શમીવૃશ્રની છાલથી ઢાંકી આગળ ચાલતા થયા, અને પાસેના ગામમાં વિશ્રામ લઇ કાશી તરફ પધાર્યા. તે સમયે ભગવાને આજ્ઞા કરી કે , *હું તમારા ત્યાં પ્રકટ થયો છું. મને શમીવૃક્ષ આગળ મુકી ચાલ્યા ન જાઓ.* આજ્ઞા શ્રવણ કરી પાછા આવતાં શમીવૃક્ષ આગળ અગ્નિના મંડળ વચ્ચે એક સુંદર બાળકનું દર્શન કર્યુ. તે બાળકને દેખતાંજ શ્રીઇલ્લમાગારુજીને સ્તનમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી. શ્રીઇલ્લમાગારુજીએ કહ્યુ કે *આ મારો પુત્ર છે*, ત્યારે શ્રીલક્ષ્મણભટ્ટજીએ કહ્યું કે *જો તમારો પુત્ર હશે તો અગ્નિ તમોને માર્ગ આપશે.* આ શબ્દ સાંભળી અગ્નિએ માર્ગ આપ્યો, એટલે ઘણાં હર્ષથી શ્રીઇલ્લમાગારુજીએ બાળકને પોતાની ગોદમાં લઇ સ્તનપાન કરાવ્યું, અને પુત્રને લઇ કાશી તરફ પધાર્યા.

શ્રીમહાપ્રભુજીનાં સ્વરૂપનો વિચાર

શ્રીમહાપ્રભુનું સ્વરૂપ સમજવું કઠીન છે, કહીએ તો અસંભવ છે. શ્રીપ્રભુકૃપાથીજ તે સમજાય છે. અધર્મને દૂર કરી ધર્મનું સ્થાપન કરવા અને લીલા દ્વારા ભક્તોનો નિરોધ કરવાને ભગવાન્ પ્રકટ થાય છે, જ્યારે પૃથ્વી ઉપર મિથ્યાવાદથી શુદ્ધ બ્રહ્મવાદ ગુપ્ત થયો ત્યારે વેદના શુદ્ધ અર્થ કરી મિથ્યાવાદાદિને દૂર કરી શુદ્ધ અદ્વૈત-શુદ્ધાદ્વૈત (બ્રહ્મવાદ)ને દર્શાવવા, તેમજ ભક્તિમાર્ગનું સ્થાપન કરી દૈવી જીવોનો ઉદ્ધાર કરવાને શ્રીમહાપ્રભુજી સ્વરૂપે ભગવાન્ પ્રકટ થયા.

શ્રીમદ્ભાગવતનો અર્થ ઘણાઓએ કર્યો; પણ જે સાક્ષાદ્ ભગવાનને પ્રિય લાગે એવો ગૂઢ અર્થ પ્રકટ કરવાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજી સિવાય બીજા કોઇમાં ન દેખાવાથી આનન્દમય સ્વરૂપ પોતાના મુખારવિન્દરૂપ શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા. કારણ કે ગૂઢાર્થનો ઉપદેશ કરવાને વાણીના સ્થાનરૂપ મુખારવિન્દની જરૂર હોવાથી આપ ભગવાનના મુખારવિન્દ સ્વરૂપે પ્રકટ થયા; તેથી શ્રીમહાપ્રભુજી ભગવાનના **મુખાવતાર** કહેવાય છે.

ભગવાનના મુખમાંથી અગ્નિ થયો છે. એવું શાસ્ત્રમાં છે. આધિદૈવિક અગ્નિનું સ્થાન ભગવાનનું મુખારવિન્દ છે. નિ:સાધન જીવોના દરેક દોષ બાળી પોતાના શરણે લઇ શ્રીપ્રભુને પ્રિય ભક્તો બનાવવા અગ્નિની જરૂર હતી. તે દોષ બાળી શુદ્ધ કરવાને માટે

આપ ઉત્તમ દેવરૂપ ભગવાનના મુખારવિન્દમાં રહેનાર આધિદૈવિક અગ્નિસ્વરૂપે પ્રકટ થયા છે; તેથી શરણે આવેલા જીવોના સર્વ દોષો બાળીને શુદ્ધ કરી દે છે. માટે આપશ્રીને **વૈશ્વાનર** એવાં નામથી ભગવદીયો કહે છે. શ્રીમહાપ્રભુજીએ પણ સ્વયંને પોતાના લેખોમાં વૈશ્વાનર તરીકે ઓળખાવ્યા છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે-ભગવાનને સ્વરૂપથી લીલાદ્વારા ઉદ્ધાર કરવાની ઈચ્છા ન હતી; પરન્તુ ઉપદેશ દ્વારા જીવોને ઉદ્ધાર કરવાની ઈચ્છા હોવાથી પ્રાકૃત (સાધારણ) માણસ જેવો દેહ ધારણ કરી આપ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે અત્ર પધાર્યા. આપનો દેહ-આકાર(શ્રીઅંગ) પ્રાકૃત મનુષ્યના જેવો છતાં આપ સાક્ષાત્ શ્રીગોકુલેશચન્દ્ર છે; આ વાત આપના અલૌકિક ચરિત્રથી જ ભગવદીયો જાણી ગયા હતાં. અને તેવું આપનું અલૌકિક ગૂઢ સ્વરૂપ શ્રીગુસાંઈજીએ શ્રીસર્વોત્તમજી (નામ), શ્રીવલ્લભાષ્ટક (ગુણ), શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત (સ્વરૂપ)માં દર્શાવી દીધું છે.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે–નિત્યલીલાના રમણ સમયે ભગવાને પોતાનું ઉત્તમોત્તમ ભાવસૌન્દર્ય શ્રીમહાપ્રભુજીમાં પધરાવ્યું. શ્રીમહાપ્રભુજી શ્રીહરિની દરેક લીલાનો અનુભવ કરતા, શ્રીપ્રભુની લીલાનો અનુભવ કરવા સાક્ષી તરીકે આપ બિરાજતા. આવી રીતે લીલાનો અનુભવ કરનાર સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ આપણને લીલાનું રહસ્ય શ્રીસુબોધિનીજી દ્વારા સમજાવ્યું; એનાથી વધારે દૈવજીવનું અહોભાગ્ય શું હોઈ શકે ?

આપણે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો નિરન્તર વિચાર કરીએ તો શ્રીમહાપ્રભુજી હૃદયમાં પધારે અને તે દ્વારા આપની ગૂઢવાણી સમજાય. શ્રીપ્રભુનો સમ્બન્ધ પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ થાય છે. હમેશાં તુલસીમાલામાં શ્રીમહાપ્રભુજીનું ધ્યાન કરવું.

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય ભૂતલ પર જો ન થયું હોત તો આ દૈવી સૃષ્ટિને શ્રીવ્રજાધીશ શ્રીગોકુલેશ પ્રભુની પ્રાપ્તિ ન થતાં સૃષ્ટિ વ્યર્થ થઈ જાત. પ્રેમની પરાકાષ્ઠા નિર્ગુણ પુષ્ટિભક્તિનું દર્શન ન થાત, શુદ્ધ બ્રહ્મવાદનું સ્વરૂપ ન સમજાત, શ્રીમદ્ભાગવતના ગૂઢ તત્ત્વનું ભાન થાત નહિં. અને નિઃસાધન જીવોને માટે આ બ્રહ્મસંબંધમંત્ર એવં અષ્ટાક્ષરમંત્ર પણ ન મળત. આ સર્વ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઈ સિદ્ધ કર્યુ. અને આપે

સર્વસામાન્ય શરણમાર્ગ સ્થાપ્યો, જેમાં ઉદ્ધારલાયક સર્વ જીવોનો અધિકાર છે, અને સર્વ દેશ અને સર્વ કાલમાં તે આચરી શકાય છે, કલિયુગમાં તેનાથી જ ઉદ્ધાર છે.

શ્રીમહાપ્રભુજીનું ગ્રંથ સાહિત્ય

૧. તત્વાર્થદીપ નિબન્ધ :- આ ગ્રંથમાં ત્રણ પ્રકરણ છે. (શાસ્ત્રાર્થ, સર્વનિર્ણય, અને ભાગવતાર્થ)

૨. પૂર્વમીમાંસાભાષ્ય-હાલમાં પૂરેપૂરૂ ગ્રંથ ઉપલબ્ધ નથી.

૩. પૂર્વમીમાંસાકારિકાઓ-ભાષ્યના આરંભની કારિકાઓ.

૪. શ્રીમદ્ભાગવત-સૂક્ષ્મ ટીકા.

૫. અણુભાષ્ય - ઉત્તરમીમાંસા-બ્રહ્મસૂત્રો ઉપરનું વેદાંતભાષ્ય.

૬. પત્રાવલંબન- પૂર્વ અને ઉત્તર મીમાંસાનો સમન્વય આપતો વાદગ્રંથ.

૭. ગાયત્રી મંત્રની વ્યાખ્યા.

૮. ગાયત્રી મંત્ર પર ભાષ્ય.

૯. ષોડશ ગ્રંથો.

૧૦.અનેક અષ્ટક- મધુરાષ્ટક, પરિવૃઢાષ્ટક, વગેરે.

૧૧.પુરુષોત્તમ-નામ-સહસ્ર.

૧૨.ત્રિવિધલીલાનામાવલી.

૧૩.ન્યાસાદેશ.

૧૪.શિક્ષાશ્લોકી.


૧૫.શ્રીસુબોધિનીજી, વગેરે અનેક ગ્રંથો.

આવા બીજા અનેક ગ્રંથો જે શ્રીમહાપ્રભુજીએ રચના કરી ને નીજ સૃષ્ટિ ઉપર કૃપા કરી છે.

શ્રીમહાપ્રભુજીનો પરિવાર

શ્રીમહાપ્રભુજીને બે ભગવદ્આત્મજ છે. પ્રથમ તો શ્રીગોપીનાથ પ્રભુચરણ, અને દ્વિતિયા શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ (શ્રીગુસાંઇજી).

શ્રીગોપીનાથ પ્રભુચરણ



કછુક દિન રહિ સંગ લે આયે, બસે અડેલમેં નિજ હરખાયે,

સંવત પન્દ્રહ સડસઠ આયો, આસો વદિ દ્વાદશી શુભ ગાયો,

ગાયો શ્રીગોપીનાથજી, જબ જન્મ લીનો આયકે,

ફેરકે ચરણાટ આયે, કછુક દિન રહે જાનકે,

ધન્ય સંવત પન્દ્રય, ધન બહોંતરા શુભ માનકે ।। ૧૭ ।।

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠ આત્મજનું નામ શ્રીગોપીનાથજી. સમ્પ્રદાયમાં એઓશ્રી શ્રીબલદેવજીના અવતાર મનાય છે. આપશ્રીનું પ્રાકટ્ય વિ.સં.૧૫૬૭ના ભાદરવા વદિ ૧૨ ને દિવસે અડેલમાં થયું હતું. આપશ્રી પરમ સાત્વિક, નિઃસ્પૃહી અને ધર્મપ્રાણ હતા. શ્રીગોપીનાથ પ્રભુચરણને વન્દન કરતાં આપશ્રીના અનુજ (શ્રીગુસાંઇજી પ્રભુચરણ) મંગલાચરણ કરે છે

यदनुग्रहतो जन्तुः सर्वदुःखा-तिगो भवेत् ।।

तमहं सर्वदा वन्दे श्रीमद्वल्लभ-नन्दनम् ।।

જન્મ લઇ ને સંસારના દુઃખના સાગરમાં ડુબવા જઇ રહ્યો જીવ, જેમના અનુગ્રહ-કૃપાથી સર્વ દુઃખથી તે બચી જાય છે, એવા શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુના આત્મજ (શ્રીગોપીનાથજી) ને હું સર્વદા વન્દન કરું છું.

અને નવલક્ષ શ્લોકપ્રણેતા દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજી આપશ્રી વિષે લખે છે કે

શ્રીવલ્લભપ્રતિનિધિં તેજોરાશિં દયાર્ણવમ્ ।

ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમાશ્રયે ।।

અર્થઃ- શ્રીવલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીના પ્રતિનિધિ તેજનો ભંડાર, દયાના સાગર, સત્વાદિગુણો જેમને અધીન છે, તેવા અને સદ્ગુણોના ભંડાર શ્રીગોપીનાથજીનો હું આશ્રય કરું છું.

પુષ્ટિમાર્ગના અદ્વિતિયા પ્રચારક કલાનિધિ શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઇજી) આપશ્રીના લઘુ-અનુજ બન્ધું થાય.

આપશ્રીનો યજ્ઞોપવિતસંસ્કાર આઠમા વર્ષે વિ.સં.૧૫૭૫માં કાશીમાં સમ્પન્ન થયો હતો. શ્રીમહાપ્રભુજીએ આપને વૈદિક વિધિ પ્રમાણે ગાયત્રીમન્ત્ર, ગોપાલમન્ત્ર,

અને બ્રહ્મસંબંધની દીક્ષા આપી હતી. ત્યાર પછી પિતૃચરણ શ્રીમહાપ્રભુજીના તત્ત્વાવધાનમાં જ આપશ્રીનું વિદ્યાધ્યયન થયું હતું.

શ્રીગોપીનાથજીને શ્રીમહાપ્રભુજી દ્વારા સ્થાપિત પુષ્ટિમાર્ગની પ્રણાલિકાની શ્રીગોકુલેશભક્તિમાં પૂર્ણ શ્રદ્ધા હતી. આ સાથે આપશ્રીનું જીવન વેદાદિ શાસ્ત્રોની આજ્ઞાનુસાર ઘડાયું હોવાથી આપશ્રીને અગ્નિહોત્રાદિક વૈદિક ક્રિયાઓમાં પણ વિશેષ આગ્રહ રહેતો. સેવા પછીનો આપશ્રીનો સમય ગોપાલમન્ત્રાદિના અનુષ્ઠાનમાં, જપ-પાઠ તેમજ શાસ્ત્રોના વાંચન-મનન-નિદિધ્યાસનમાં જતો.

બન્ને બન્ધુઓ, શ્રીગોપીનાથજી તથા અનુજ શ્રીવિઠ્ઠલનાથજી, વચ્ચે ભ્રાતૃભાવના તેમજ કુટુમ્બ ભાવના ઉત્તમ હતી. શ્રીગોપીનાથજી, ગોપાલપુર, શ્રીજગન્નાથજી કે તીર્થયાત્રામાં પધાર્યા હોય તો શ્રીવિઠ્ઠલનાથજી અડેલ બિરાજી ગૃહ-કુટુમ્બની સંભાળ રાખતા અને શ્રીવિઠ્ઠલનાથજી બહાર પધારે તો શ્રીગોપીનાથજી અડેલ બિરાજતા.

શ્રીગોપીનાથજીએ પણ પોતાના વન્દનીય પૂર્વજોની વૈદિક પરમ્પરાનું અનુસરણ કરતાં વિ.સં.૧૫૯૫ની જગદીશયાત્રા પછી એક સોમયાગ અને ત્યાર પછી વિષ્ણુયાગ કર્યો હતો.

વિ.સં. ૧૫૯૯માં શ્રીગોપીનાથજી જગદીશપુરી પધાર્યા. માતુશ્રીની આજ્ઞાથી આપશ્રીની સાથે રાઘવદાસ નામના વૈષ્ણવ યા હતા. એક દિવસે મન્દિરનાં દ્વાર ખુલ્યાં અને શ્રીગોપીનાથજી દર્શન કરતાં-કરતાં જગન્નાથ!જગન્નાથ! એમ બોલતાં બોલતાં શ્રીજગન્નાથરાયજીના શ્રીવિગ્રહમાં લીન થઇ ગયા.

બત્રીસ વર્ષ સૂધી આપ ભૂતલ ઉપર બિરાજ્યા. વિ.સં.૧૫૮૨માં કાકાશ્રી જનાર્દન ભટ્ટની આજ્ઞાનુસાર દક્ષિણના સજાતીય ભટ્ટજીની કન્યા પાયમ્માગારુજી (પ્રિયાજી)ની સાથે શ્રીગોપીનાથજીના લગ્નપ્રસ્તાવ કાશીમાં બહુજ ધામધૂમથી કર્યો. શ્રીગોપીનાથજીને

શ્રીભાગવતના પાઠ પ્રત્યે ખૂબજ આગ્રહ રહેતો. આપશ્રીએ નિયમ રાખ્યો કે શ્રીમદ્ભાગવતનો સમ્પૂર્ણ પાઠ કર્યા પછીજ ભોજન કરવું. આ નિયમને કારણે ક્યારેક-ક્યારેક તો આપશ્રી બબ્બે દિવસે પાઠ પૂર્ણ થયા પછી જ ભોજન કરતા. થોડાજ સમયમાં તો આપશ્રીને શ્રીમદ્ભાગવત અક્ષરશઃ કણ્ઠાગ્ર થઇ ગયું. શ્રીભાગવતના નિયમને લીધે આપને સેવામાં અવકાશ મળતો નહિં. આપશ્રીના અનુજ બન્ધુ શ્રીવિઠ્ઠલનાથજી પણ જ્યેષ્ઠ બન્ધુનું અનુકરણ કરવા લાગ્યા. એક દિવસે શ્રીઅક્કાજીએ બન્ને પુત્રોના શ્રીભાગવતના પાઠનિયમ સમ્બન્ધમાં શ્રીમહાપ્રભુજીને નિવેદન કરતાં બન્ને પુત્રોના અલૌકિક નિયમથી શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા, પરન્તુ પુત્રોને ભોજન કરવામાં થતા વિલમ્બ કારણે શ્રીઅક્કાજીના મનોદુઃખનું નિવારણ કરવાનો વિચાર કરીને શ્રીમહાપ્રભુજીએ બન્ને પુત્રો પાસે જઇને આપશ્રીના પાઠનિયમને પ્રોત્સાહન આપતાં આજ્ઞા કરીઃ

ભૈયા ! શ્રીભાગવતપાઠના તમારા નિયમથી હું અત્યન્ત આનન્દિત થયો છું. પરન્તુ તમારા ભોજનવિલમ્બને કારણે તમારાં માતૃશ્રીને દુઃખ થાય તો શ્રીમદ્ભાગતવના સારસમુચ્ચયરૂપે મેં આ ***શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્ર****ની રચના કરી છે, તેનો પાઠ કરશો તો સમગ્ર શ્રીભાગવતપાઠનું ફળ પ્રાપ્ત થશે. અને શ્રીવિઠ્ઠલ માટે આ* ***ત્રિવિદલીલાનામાવલિ*** *છે. તેનો પાઠ કરવાથી સમ્પૂર્ણ દશમસ્કન્ધના પાઠનું ફળ પ્રાપ્ત થશે.* ત્યારથી બન્ને ભાઇઓ શ્રીપિતૃચરણ (શ્રીમહાપ્રભુજી)ની આજ્ઞાનું અનુસરણ કર્યું.

આપશ્રીને એક લાલ અને બે બેટીજીઓ મળીને ત્રણ સન્તાનો થયાં હતાં. ૧. શ્રીપુરુષોત્તમજી (પ્રાકટ્ય વિ.સં. ૧૫૮૭ ભાદરવા વદિ ૮), ૨. સત્યભામા બેટીજી, અને ૩. શ્રીલક્ષ્મી બેટીજી.

આપશ્રીનો **સાધન-દિપીકા** નામક ગ્રન્થ સંપ્રદાયમાં આજે પણ એટલોજ પ્રસિદ્ધ છે, જે વૈષ્ણવને સેવાના સામાન્ય નિયમ, સાથેજ વૈષ્ણવી વ્યવહાર સમજાવે છે. આ શ્રીગોપીનાથજીની કૃતિ આપણે સૌએ હમેશાં સ્મરણ-મનન-કિર્તન-ચિન્તન કરવું જોઇએ.

શ્રીપુરુષોત્તમજી

(પ્રાકટ્ય: વિ.સં.૧૫૮૭, લીલા પ્રવેશ: વિ.સં.૧૬૦૫)



શ્રીગોપીનાથજી નિત્યલીલામાં પધાર્યા ત્યારે આપશ્રીના આત્મજ શ્રીપુરુષોત્તમજી ૧૨ વર્ષના હતા. આપશ્રી પણ પિતૃચરણ શ્રીગોપીનાથજીની જેમ સૌમ્ય અને સાત્વિક પ્રકૃતિના હતા. આપશ્રી ખુબ અલ્પ કાલ પર્યન્ત ભૂતલ ઉપર પ્રકટ બિરાજ્યા.

શ્રીગોપીનાથજીના નિત્યલીલાસ્થ થયા પછી શ્રીગુસાંઇજીએ શ્રીગોપીનાથજીના બન્ને પુત્રીઓનું (બેટીજી) પોતાનાં સન્તાનથી પણ અધિક લાલન-પાલન કર્યું.

આ બન્ને બેટીજી બાલવિધ્વા હતાં. કાકાજીના ગૃહની પ્રણાલીકા પ્રમાણે બન્ને બેટીજી અહર્નિશ ગુણગાન અને ભગવત્સેવાપરાયણ રહેતાં.

શ્રીસત્યભામા બેટીજી

શ્રીસત્યભામા બેટીજી બહેનોમાં મોટાં હતાં. બન્ને બહેનો નિત્ય શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં સંલગ્ન રહેતાં. સત્યભામા બેટીજી ખૂબજ સંવેદનશીલ સ્વભાવના હતાં. આપશ્રી વૈષ્ણવ તો શું, પણ જીવ માત્ર પરની હિંસા ને સહન ન'તા સહન કરી શકતા. (જુઓ નારાયણદાસ ગૌડ દેશના ની વાર્તા-૮૪ વૈ.વા.)

શ્રીલક્ષ્મી બેટીજી

શ્રીલક્ષ્મી બેટીજી જેવાં ભગવત્સેવાપરાયણ હતાં તેવાં જ ભગવદ્દભક્તો પ્રત્યે મમતાવાળાં હતાં. નરવરગઢના રાજા આશકરણને વ્યસનદશા સિદ્ધ થતાં આપશ્રી રાજપાટનો ત્યાગ કરીને વ્રજમાં વિચરતા અને ભગવચ્ચિન્તન કરતા અને ભગવલ્લીલાદર્શન માટે વિરહભાવમાં મગ્ન રહેતા. રાજા આશકરણની આ ઉચ્ચ વ્યસનદશા જોઈ શ્રીગુસાંઈજીએ ઘરનાં બધાને આજ્ઞા કરી હતી કે *આશકરણજી જ્યારે આવે ત્યારે ઘરમાં જે પ્રસાદ હોય તે એમને લેવડાવી દેવો.*

એક દિવસે ભગવલ્લીલા ધ્યાનમાંથી જાગ્રત થઈને રાજા આશકરણજી શ્રીગોકુલમાં શ્રીગુસાંઇજીને ઘેર આવ્યા. શ્રીલક્ષ્મી બેટીજીએ જોયું તો એ વખતે ઘરમાં પ્રસાદી વસ્તુ નહોતી. આપશ્રીએ વિચાર્યુકે જો આજે આશકરણજી પ્રસાદ લીધા વિના ચાલ્યા જશે તો પાછા પાંચ-સાત દિવસે અન્ન પામશે. આપશ્રીના હૃદયમાં ભગવત્પ્રેરણા થતાં શ્રીનવનીતપ્રિયાજીના રાજભોગની જે સામગ્રી સિદ્ધ થઇ હતી તે અસમર્પીત સામગ્રીજ આશકરણજીને ધરી દીધી અને મોટાં બહેન શ્રીસત્યભામાજીને બીજી સામગ્રી ત્વરાથી સિદ્ધ કરવાની વિનન્તી કરી. આસકરણજી તો ભોજન કરીને ચાલતા થયા. ત્યાર પછી ફરી વાર સિદ્ધ થયેલી સામગ્રીને શ્રીનવનીતપ્રિયાજીને રાજભોગ સમર્પ્યો. શ્રીગુસાંઇજી આરતી કરતાં હતા ત્યારે શ્રીનવનીતપ્રિયાજીના મુખારવિન્દ ઉપર સ્મિતયુક્ત આનન્દલહરીનાં દર્શન થતાં વિનન્તી કરી કે *બાવા !આજે આટલા બધા પ્રસન્ન કેમ છો ?*

શ્રીનવનીતપ્રિયાજીએ કહ્યું: *આજે હું બે વાર રાજભોગ આરોગ્યો.* આમ કહીને રાજા આશકરણજીને શ્રીલક્ષ્મી બેટીજીએ રાજભોગની સામગ્રી ધરી દીધી એ વાત પ્રસન્નતાથી કરતાં સ્પષ્ટતા કરી કે, *આશકરણજીના હૃદયમાં બિરાજીને એક વાર અને બીજીવાર પ્રત્યક્ષ ધરેલ એમ બેવાર હું આરોગ્યો છું.* 'ધન્ય', શ્રીગુસાંઇજીના મુખારવિન્દથી સહસા ધન્યતાનો ઉદ્ગાર સરી પડ્યો અને નેત્રોમાં આનન્દાશ્રુની ઝલક દેખાઇ !

આવા દીન-દયાળ સ્વભાવના હતાં શ્રીલક્ષ્મી બેટીજી.

હવે શ્રીમહાપ્રભુજીના દ્વિતિય આત્મજ શ્રીવિઠ્ઠલનાથજી જેને સંપ્રદાય શ્રીગુસાંઇજીના નામે ઓળખે છે.

શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ-શ્રીગુસાંઇજી



શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઇજીએ પુષ્ટિમાર્ગનો બહોળો ફેલાવો કર્યો. 'વિઠ્ઠલ' શબ્દનો અર્થ સમજીએ. તેમાં વિદ્ - ઠ - લ આમ ત્રણ અક્ષર છે. તેનો વિદ્ પરથી **વિદા** એટલે જ્ઞાન વડે **ઠાઃ** એટલે શૂન્ય અને **લાતિ** એટલે દૂર કરે. એટલે અજ્ઞાનને દૂર કરી તેનો સ્વીકાર કરે, તે વિઠ્ઠલ કહેવાય. આપણા અજ્ઞાનને દૂર કરનાર શ્રીવિઠ્ઠલનાથજીને આપણે શ્રીગુસાંઇજી અથવા શ્રીપ્રભુચરણના નામથી પણ ઓળખીએ છીએ.

શ્રીમહાપ્રભુજી પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીના દર્શને પધાર્યા હતાં, તે સમયે શ્રીવિઠ્ઠલનાથજીએ આજ્ઞા કરી કે આપ વિવાહ કરો, મારે આપને ત્યાં પુત્ર રૂપે અવતરવું છે. શ્રીમહાપ્રભુજીએ કાશીમાં દેવનભટ્ટની કન્યા અક્કાજી સાથે વિવાહ કર્યાં. શ્રીમહાપ્રભુજી પરિક્રમા કરતાં કરતાં વ્રજમાં પધાર્યા, ત્યારે શ્રીગોકુલેશ અને શ્રીબળદેવજીને રમતાં દીઠા. આ વખતે બેઉ સ્વરૂપો શ્રીમહાપ્રભુજીને ત્યાં પ્રકટ થવાનાં હતાં, તેની ખબર પડી. આથી ગોપાળદાસજી ગાય છેઃ

રંગે તે રમતા દીઠડા બળદેવ શ્રીગોવિંદ

તે પુત્ર ભાવે પ્રકટશે મન ઉપન્યો આનન્દ.

આ કથન પ્રમાણે શ્રીમહાપ્રભુજીને ત્યાં પ્રકટ થયેલાં બે સ્વરૂપ શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી અનુક્રમે શ્રીબળદેવજી અને શ્રીઠાકુરજી છે. શ્રીમહાપ્રભુજીને ત્યાં શ્રીગોપીનાથજીનું વિ.સં.૧૫૬૭ના ભાદરવા વદિ ૧૨ને દિવસે અડેલમાં થયું હતું. અને શ્રીગુસાંઇજીનું પ્રાકટ્ય વિ.સં.૧૫૭૨ના માગસર વદિ ૯ને દિવસે શુક્રવારે કાશી પાસે આવેલા ચરણાદ્રિમાં (ચરણાટમાં) શ્રીવિઠ્ઠલનાથ-શ્રીગુસાંઇજીનું પ્રાકટ્ય થયું. જે દિવસે શ્રીગુસાંઇજીનુ પ્રાકટ્ય થયું, તે દિવસે એક વૈષ્ણવ શ્રીવિઠ્ઠલનાથજી ઠાકુરજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવી ગયાં. તે સંકેત સમજતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આજ અમારે ત્યાં શ્રીઠાકુરજી શ્રીવિઠ્ઠલનાથજી અને પુત્ર-રત્ન પુરુષોત્તમ પણ એકજ સમયે

પ્રકટ્યા, તેથી પુત્રનું નામ પણ શ્રીવિઠ્ઠલનાથજી ધર્યું. ત્યાં શ્રીઠાકોરજી પણ શ્રીવિઠ્ઠલનાથ અને આત્મજ પણ શ્રીવિઠ્ઠલનાથજી.

શ્રીગુસાંઇજીને પણ પોતાના જ્યેષ્ઠ બાંધવની જેમ શ્રીભાગવતના પાઠ પ્રત્યે ખૂબજ આગ્રહ રહેતો. આપશ્રીએ પણ એજ નિયમ રાખ્યો કે શ્રીમદ્ભાગવતનો સમ્પૂર્ણ પાઠ કર્યા પછીજ ભોજન કરવું. આ નિયમને કારણે ક્યારેક-ક્યારેક તો આપશ્રી બબ્બે દિવસે પાઠ પૂર્ણ થયા પછી જ ભોજન કરતા. થોડાજ સમયમાં તો આપશ્રીને શ્રીમદ્ભાગવત અક્ષરશઃ કણ્ઠાગ્ર થઇ ગયું. શ્રીભાગવતના નિયમને લીધે આપને સેવામાં અવકાશ મળતો નહિં. આપશ્રીના અનુજ બન્ધુ શ્રીવિઠ્ઠલનાથજી પણ જ્યેષ્ઠ બન્ધુનું અનુકરણ કરવા લાગ્યા. એક દિવસે શ્રીઅક્કાજીએ બન્ને પુત્રોના શ્રીભાગવતના પાઠનિયમ સમ્બન્ધમાં શ્રીમહાપ્રભુજીને નિવેદન કરતાં બન્ને પુત્રોના અલૌકિક નિયમથી શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા, પરન્તુ પુત્રોને ભોજન કરવામાં થતા વિલમ્બ કારણે શ્રીઅક્કાજીના મનોદુઃખનું નિવારણ કરવાનો વિચાર કરીને શ્રીમહાપ્રભુજીએ બન્ને પુત્રો પાસે જઇને આપશ્રીના પાઠનિયમને પ્રોત્સાહન આપતાં આજ્ઞા કરીઃ

ભૈયા! શ્રીભાગવતપાઠના તમારા નિયમથી હું અત્યન્ત આનન્દિત થયો છું. પરન્તુ તમારા ભોજનવિલમ્બને કારણે તમારાં માતૃશ્રીને દુઃખ થાય તો શ્રીમદ્ભાગતવના સારસમુચ્ચયરૂપે મેં આ ***શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્ર****ની રચના કરી છે, તેનો પાઠ કરશો તો સમગ્ર શ્રીભાગવતપાઠનું ફળ પ્રાપ્ત થશે. અને શ્રીવિઠ્ઠલ માટે આ* ***ત્રિવિદલીલાનામાવલી*** *છે. તેનો પાઠ કરવાથી સમ્પૂર્ણ દશમસ્કન્ધના પાઠનું ફળ પ્રાપ્ત થશે.* ત્યારથી બન્ને ભાઇઓ શ્રીપિતૃચરણ (શ્રીમહાપ્રભુજી)ની આજ્ઞાનું અનુસરણ કર્યું.

જ્યારે શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહલીલા કરી તે સમયે શ્રીગુસાંઇજી કાશીમાં મળવા માટે ગયા, આ વખતે શ્રીમહાપ્રભુજીએ જે ઉપદેશ આપ્યો તે ખાસ મનનીય છે. આ પિતૃચરણના વિયોગ વખતે આપનું વય પંદર વર્ષનું હતું. આ નાની વયમાં સ્વમાર્ગીય

સિદ્ધાંતનું રહસ્ય સમજવાનું સ્થાન ભગવદીય દામોદરદાસ હરસાનીજી અને પદ્મનાભદાસજી વગેરે હતા, માર્ગનું રહસ્ય તેમને વારંવાર પુછતા. એક વખત શ્રીગુસાંઇજી ખેલતાં હતા, હાસી ખેલ કરતાં હતા, તે સમયે દામોદરદાસએ કહ્યુ કે *જે જે, કૃપાનાથ આ માર્ગ હાસી ખેલનો નથી પરન્તું શ્રીપ્રભુના તાપક્લેશનો છે.* શ્રીગુસાંઇજીએ ત્યારથી જ રમતનો ત્યાગ કરી દીધો, અને સર્વ શાસ્ત્રનો અભ્યાસ કર્યો, અને શ્રીપ્રભુની સેવામાં પુરતું ધ્યાન આપવા લાગ્યાં.

શ્રીગુસાંઇજીનું સ્વરૂપ આપણને નામરત્નાખ્યસ્તોત્રથી જો સમજીએ તો આપણને એમ જ થાય કે આપનું નામ જે શ્રીપ્રભુચરણ રાખવામાં આવ્યું છે તે યથાર્થ છે. આપણે જે ગોસ્વામી શબ્દ કહીએ છીએ, તે પણ નામ આપેજ પ્રથમ ધારણ કર્યું, અને આપનું બીજું નામ જે શ્રીગુસાંઇજી સમ્પ્રદાયમાં ચાલે છે, તે નામની જ પરિપાટી અત્યારે શ્રીગોસ્વામી બાળકોમાં (શ્રીગુસાંઇજી) શબ્દથી ચાલતી આવી છે.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય કર્યું; પરન્તુ પુષ્ટિમાર્ગના પ્રવર્તક તરીકેનું માન્ય તો શ્રીગુસાંઇજીએ જ સ્વીકાર્યું, માર્ગને સર્વાંગ સુન્દર બનાવનાર શ્રીગુસાંઇજી છે. પ્રથમ આપે માર્ગને દૃઢ કરવા વિદ્વદમન્ડન, દશમસ્કન્ધવિવૃત્તિપ્રકાશ, શ્રીટિપ્પણીજી, શ્રૃંગારરસમણ્ડન, બ્રહ્મસૂત્રભાષ્યનો દોઢ અધ્યાય વિગેરે ગ્રન્થો રચ્યા. અને સ્વતંત્ર એવં મૂલ ગ્રંથો પર ટીકા રચી. ભક્તિહેતુનિર્ણય, ભક્તિહંસ જેવા પ્રૌઢ ગ્રંથ, જે ભક્તિની ઉત્તમતા પ્રકટ કરે છે. આપશ્રીએ બ્રહ્મવાદ અને નિર્ગુણભક્તિમાર્ગનું યથાર્થ સ્થાપન કર્યું; આપના સુદૃઢ પ્રતાપથી અનેક રાજાઓ આપના સેવકો છે. ટોડરમલ રાજા, રાય પુરુષોત્તમ, રાજા રામ ચન્દ્ર, રાજા વીરવર (બીરબલ), રાણી દુર્ગાવતી, વિગેરે રાજાઓ અનન્ય ભક્ત હતાં. આપશ્રીને સંગીતનો પણ શોખ હતો. તે સંગીતને આપશ્રીએ પ્રભુમાં વિનિયોગ ન થાય તો તે શોખ બાધરૂપ નિવડે, એમ આજ્ઞા કરતાં. માટે આપે તે સંગીતને શ્રીઠાકોરજીમાં જોડવાને ઋતુ અનુસાર રાગો ગાવાની ઉત્તમ વ્યવસ્થા કરી. તે દ્વારા સંગીતનો આનન્દ અનુભવતાં. અને શ્રીઠાકુરજીનાં સુખ માટે અષ્ટછાપ કવિની રચના કરી.

આપશ્રીએ માર્ગનો પ્રચાર કરવાને ઘણો જ પરિશ્રમ કર્યો છે. ૬-૬ વાર ગુજરાતમાં પધાર્યા, અનેક સેવકો કર્યા, આપનું હૃદય એવું વિશાલ હતું કે-આપ પતિતપાવન હોઇ સર્વ જીવનો ઉદ્ધાર કરતાં. આપશ્રીએ શ્રીમહાપ્રભુજીનું નામ, ગુણ, સ્વરૂપ વર્ણન શ્રીસર્વોત્તમજી, શ્રીવલ્લભાષ્ટક, શ્રીસપ્તશ્લોકી (શ્રીસ્ફૂરત્કૃષ્ણપ્રેમામૃત), સાથેજ શ્રીયમુનાષ્ટપદી, અનેક અષ્ટક (ભુજંગપ્રયાતાષ્ટક, વિગેર), અન્ય અનેક સ્તોત્રો (લલિતત્રિભંગીસ્તોત્ર, વગેરે), અષ્ટાક્ષરનિરૂપણ, રસસર્વસ્વ, પ્રબોધ, ગુપ્તરસ, વ્રતચર્યા, વગેરે અનેક ગ્રંથો કર્યા. (વિસ્તૃત માહિતી માટે બૃહત્સ્તોત્રસરિતસાગર ગ્રંથ, શ્રીપાર્વતી વહુજી એડ્યુકેશ્નલ એન્ડ ચેરીટેબલ ટ્રષ્ટ, શ્રીવાલ્લભ ચતુર્થપીઠ વિદ્યાવિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવ શ્રીદેવકીનન્દનાચાર્યશ્રી દ્વારા પ્રકાશીત છે, તેમાં અનેક ગ્રંથોનું સંકલન છે)

આપ ભૂતલ ઉપર ૭૦ વર્ષ અને ૨૮ દિન બિરાજ્યા, સંવત ૧૬૪૨ના માઘકૃષ્ણ સાતમના રોજ સંધ્યાકાલે શ્રીગિરિરાજની કન્દરામાં અન્તર્ધાન થઇ ગયાં.

આપશ્રીએ તે પૂર્વે પોતાના શ્રીકંઠની તુલસી માલા પોતાના ચતુર્થકુમાર સર્વદા સેવ્ય આદ્યચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણને ધરી, અને આજ્ઞા કરી, કે આ માર્ગ હવે આપ ચલાવશો. આપના દ્વારા આ માર્ગનું પ્રણયણ થશે.

શ્રીગુસાંઇજીના સપ્ત ભગવદ્ આત્મજ (શ્રીસપ્તાચાર્ય)

શ્રીમહાપ્રભુજીના બે ભગવદ્આત્મજ, પ્રથમ શ્રીગોપીનાથજી, જેમના એક ભગવદ્આત્મજ શ્રીપુરુષોત્તમજી અને બે બેટીજી શ્રીસત્યભામા બેટીજી, અને શ્રીલક્ષ્મી બેટીજી, અને શ્રીગુસાંઈજીના સાત ભગવદ્આત્મજ જે આપણે સપ્તાચાર્ય કહીએ છીએ. જેમા શ્રીગિરિધરજી, શ્રીગોવિન્દજી, શ્રીબાલકૃષ્ણજી, **શ્રીગોકુલેશપ્રભુ**, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામજી. અને ચાર બેટીજી શ્રીશોભા બેટીજી, શ્રીયમુના બેટીજી, શ્રીકમલા બેટીજી, શ્રીદેવકા બેટીજી

શ્રીગુસાંઈજીએ બે વાર લગ્ન કર્યા. પ્રથમ પત્ની શ્રીરુક્મિનીજી, અને દ્વિતિય શ્રીપદ્માવતીજી.

પોષ કૃષ્ણ નવમી જબ આઈ, ઘર-ઘર મંગલ હોત બધાઈ,

શ્રીવિઠ્ઠલનાથ પ્રકટ ભયે સુનિ કે, કહત ફિરત આનન્દ ગુન ગનિ કે

આનન્દ બાઢ્યો ચહું દિશા, છબિ નિરખિ શ્રીવલ્લભ હઁસે,

બેઉ કછુ મુસકાય ચિતયે, દોઊ હઁસત મેરે મન બસે,

તિલક મૃગમદ છપ્યો હરખિત, કહાંલો ગુણ ગાઈયે,

કૃપાતેં ઉછલિત નિજ રસ, છિપત નાહીં છિપાઈયે ।। ૧૮ ।।

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીગિરિધરજી – ગોવર્ધન



શ્રીગુસાંઇજીના પ્રથમ આત્મજ **શ્રીગિરિધરજી**, જેમને ઘરમાં સૌ **ગોવર્ધન** કહીને સંબોધતા કારણકે ગો એટલે ઇન્દ્રિયોને વર્ધન એટલે વધારનાર એટલે ભક્તોની ઇન્દ્રિયોને ભગવદ્રસનું પાન કરાવીને અલૌકિક આનન્દમાં તરબોળ કરનાર આ સ્વરૂપ છે માટે ગોવર્ધન કહે છે. આપશ્રીનું પ્રાકટ્ય સંવત ૧૫૯૭ કારતક સુદિ-૧૨ના રોજ થયું હતું. આપશ્રીના વહુજી **શ્રીભામીનીજી** હતાં. **શ્રીગિરિધરજી એ ધર્મી સ્વરૂપ છે.**

શ્રીગિરિધર નરભૂષણ, ભ્રાત સકલ ધુરિધાર રે રસના;

વક્તા વેદ-શાસ્ત્ર તણા, **શ્રીભામિનીજી** ભરથાર રે રસના ।। ૫ ।।

(ગોપાલદાસજી વલ્લભાખ્યાન)

પ્રથમ પુત્ર પ્રકટે શ્રીગિરિધર, ષટ્ગુણ ધર્મી ધર્મધુરંધર ।।

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીગોવિન્દજી-રાજાજી



શ્રીગુસાંઇજીના દ્વિતિય આત્મજ **શ્રીગોવિન્દજી**, જેમને ઘરમાં સૌ **રાજાજી** કહીને સંબોધતા તે સ્વરૂપે શ્રીપ્રભુએ ઇન્દ્રને અભયદાન આપ્યું માટે તેઓ ઇન્દ્રના પણ ઇન્દ્ર છે, આથી આ સ્વરૂપને રાજેન્દ્ર એટલે ઇન્દ્રના રાજા, એ નામથી રાજાજી કહે છે. આપશ્રીનું પ્રાકટ્ય સંવત. ૧૫૯૯ કારતક વદિ ૮ના રોજ થયું હતું. આપશ્રીના વહુજી **શ્રીરાનીજી** હતાં. **શ્રીગોવિન્દજી ઐશ્વર્ય સ્વરૂપ છે.**

શ્રીગોવિન્દજી આનન્દ મય, ધર્મ સકલનું ધામ રે રસના;

શ્રીરાણીજી રંજન રૂડલા, ભક્ત સકલ વિશ્રામ રે રસના ।। ૬ ।।

(ગોપાલદાસજી વલ્લભાખ્યાન)

ધુરંધર ઐશ્વર્ય શ્રીગોવિન્દ, પંચદશ નિન્યાનવેં,

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીબાલકૃષ્ણજી–રાજીવ લોચન



શ્રીગુસાંઈજીના ત્રિતિય આત્મજ **શ્રીબાલકૃષ્ણજી**, જેમને ઘરમાં સૌ **રાજીવ લોચન** કહીને સંબોધતા આ સ્વરૂપના નેત્ર કમળ જેવાં વિશાળ હતાં, વળી કમળ પર દૃષ્ટિ પડતાં જેમ આનન્દ અને શાંતિ થાય છે, તેમ આ સ્વરૂપના દર્શન કરતાં અનુભવ થતો, માટે તે સ્વરૂપને આપણે રાજીવ લોચન કહીએ છીએ. આપશ્રીનું પ્રાકટ્ય સંવત. ૧૬૦૬ ભાદરવા વદિ ૧૩ના રોજ થયું હતું. આપશ્રીના વહુજી **શ્રીકમલાજી** હતાં. **શ્રીબાલકૃષ્ણજી વીર્ય સ્વરૂપ છે-મહાપરાક્રમી.**

શ્રીબાલકૃષ્ણજી બાલુવા, સુન્દર ભીનલે વાન રે રસના;

કમલ લોચન **કમલા-પતિ**, છબિ નહિ કો એ સમાન રે રસના ।। ૭ ।।

(ગોપાલદાસજી વલ્લભાખ્યાન)

શ્રીબાલકૃષ્ણજી મહાપરાક્રમી, વહ સુખ સોલેં રાજહી ।। ૨૦ ।।

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુ-શ્રીવલ્લભ



શ્રીગુસાંઇજીના ચતુર્થ આત્મજ **સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુ**, જેમને ઘરમાં સૌ **શ્રીવલ્લભ અથવા શ્રીકૃષ્ણ** કહીને સંબોધતા શ્રીગોકુલેશ પ્રભુનું સ્વરૂપ દર્શનમાં અને વર્તનમાં પ્રકટ અલૌકિકતા હતું. શ્રીમહાપ્રભુના સમાન સર્વ ધર્મો આ સ્વરૂપમાં પ્રત્યક્ષ પ્રકટ હતાં-છે, આથી શ્રીગુસાંઇજી શ્રીગોકુલેશ પ્રભુને શ્રીવલ્લભ એ નામે સંબોધતા અને શ્રીગોકુલેશ પ્રભુ સાક્ષાત્ સારસ્વતકલ્પની લીલા રસનું પાન કરાવનાર છે, તેથી આપશ્રીની જન્મ-પત્રિકામાં આપનું નામ શ્રીકૃષ્ણ છે. ભક્તોદ્ધારક હોવાથી જ્યારે આપશ્રીનું પ્રાકટ્ય થયું ત્યારે તેની વધાઇ આપનાર કૃષ્ણાદાસીના મુખથી સહજ એમ નિસરી ગયું કે આયો મેરો શ્રીગોકુલનાથ, તેથી સૃષ્ટિમાં શ્રીગોકુલનાથજીના નામે પણ ઓળખાય છે. સાથેજ આપશ્રીને આપના ભક્તો-સેવકો અનેક નામે સંબોધન આપતા, જેમકે શ્રીજી, રસિકરસ, મહદ્મણી, વિગેરે. આપશ્રીનું પ્રાકટ્ય સંવત. ૧૬૦૮ માગસર સુદિ ૭ના રોજ થયું હતું. આપશ્રીના વહુજી **શ્રીપાર્વતીજી** છે. **શ્રીગોકુલેશ પ્રભુ સપ્ત બાલકોમાં યશ સ્વરૂપ છે.**

શ્રીગોકુલપાતિ અતિ ગુણનિધિ, **તાત તણો પ્રતિબિંબ રે રસના**;
શ્રીપારવતી પતિ પ્રેમશું, શોભા સકલ કુટુમ્બ રે રસના ।। ૮ ।।

(ગોપાલદાસજી વલ્લભાખ્યાન)

કવિ સહ સુદિ સાતેં **શ્રીગોકુલપતિ, યશ સ્વરૂપ** માલા સ્થાપિત રતિ,

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીરઘુનાથજી–રામચન્દ્ર



શ્રીગુસાંઇજીના પંચમ આત્મજ **શ્રીરઘુનાથજી**, જેમને ઘરમાં સૌ **રામચન્દ્ર** કહીને સંબોધતા આ સ્વરૂપતે સાક્ષાત્ શ્રીરામચન્દ્રજીનું પ્રાકટ્ય. શ્રીમહાપ્રભુજીને પરિક્રમામાં શ્રીરામચન્દ્રજીએ દર્શન દઇ પોતાને પ્રકટ થવાની વાત કહી હતી. સાક્ષાત્ શ્રીરામચન્દ્રજીનુંજ પ્રાકટ્ય આ સ્વરૂપ હોવાથી ભક્તકવી શ્રીતુલસીદાસજીને પણ સાક્ષાત્ શ્રીરામચન્દ્રજીના સ્વરૂપેજ દર્શન થયાં હતાં. આથી આપશ્રીને રામચન્દ્રના નામે બોલાવતા. જેવાં શ્રીરામચન્દ્રજીના ભાર્યા શ્રીજાનકીજી, તેવા શ્રીરઘુનાથજીના વહુજી શ્રીજાનકીજી. આપશ્રીનું પ્રાકટ્ય સંવત. ૧૬૧૧ કારતક સુદિ ૧૨ના રોજ થયું હતું. આપશ્રીના વહુજી **શ્રીજાનકીજી** હતાં. **શ્રીરઘુનાથજી શ્રી સ્વરૂપ છે.**

શ્રીરઘુપતિ અતિ ગજગતિ, રતિ-પતિ કરું બલિહાર રે રસના;

શ્રીજાનકી જીવન એ સદા, મધ્ય મણિ રત્નમય હાર રે રસના ।।૯ ।।

(ગોપાલદાસજી વલ્લભાખ્યાન)

સોરહ સે ગ્યારહ કાર્તિક સિત, અર્ક બુધ રઘુનાથ શ્રીસહિત

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીયદુનાથજી-મહારાજજી



શ્રીગુસાંઇજીના ષષ્ઠ આત્મજ **શ્રીયદુનાથજી**, જેમને ઘરમાં સૌ **મહારાજજી** કહીને સંબોધતા આ સ્વરૂપ પ્રભુની સર્વ લીલાઓ નજરે નિરખનાર હોવાથી સર્વ લીલાનું જ્ઞાન આપશ્રીને છે. આ શ્રીયદુનાથજી શ્રીયમુનાજીનું પ્રાકટ્ય હોવાથી પ્રકટ લીલાઓનું જ્ઞાન આપશ્રીને હતું. શ્રીયમુનાજીને શ્રીમહારાણીજી પણ કહે છે. અહીં શ્રીયમુનાજી શ્રીયદુનાથજી સ્વરૂપે પ્રકટ થવાથી આપશ્રીને મહારાણી ન કહેવાય તેથી મહારાજજી કહે છે. આપશ્રીનું પ્રાકટ્ય સંવત. ૧૬૧૫ ચૈત્ર સુદિ ૬ના રોજ થયું હતું. આપશ્રીના વહુજી **શ્રીમહારાણી** હતાં. **શ્રીયદુનાથજી જ્ઞાનનું પ્રાકટ્ય છે.**

શ્રીયદુપતિ જીવન જગતના, સદા મન પ્રસન્ન ઊલ્લાસ રે રસના;

નાહ તે **શ્રીમહારાણી** તણા, મુખ માધુરી વિલાસ રે રસના ।। ૧૦ ।।

(ગોપાલદાસજી વલ્લભાખ્યાન)

..................વિમલ જ્ઞાન બખાનકે,

શ્રીયદુનાથ પ્રકટે રહ્યો,..................

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીઘનશ્યામજી-પ્રાણવલ્લભ



શ્રીગુસાંઈજીના સપ્તમ આત્મજ **શ્રીઘનશ્યામજી**, જેમને ઘરમાં સૌ **પ્રાણવલ્લભ** કહીને સંબોધતા, આ સ્વરૂપ વૈરાગ્યનું પ્રાકટ્ય છે, વૈરાગ્ય એટલે શ્રીપ્રભુને મેળવવાનો-મળવાનો વિપ્રયોગનો તાપ. ભક્તનો આ તાપ શ્રીપ્રભુને પ્રાણ કરતાં પણ વહાલો છે, માટે શ્રીગુસાંઈજી શ્રીઘનશ્યામજીને પ્રાણવલ્લભ કહેતા. વળી કોઈક વાર ઘન્નુ એ ટુંકા નામથી પણ બોલાવતા. ઘન્નુ એ પ્રેમ ભર્યું ટુંકુ નામ છે. આપશ્રીનું પ્રાકટ્ય સંવત. ૧૬૨૮ કારતક વદિ ૧૩ના રોજ થયું હતું. આપશ્રીના વહુજી **શ્રીકૃષ્ણાવતીજી** હતાં. **શ્રીઘનશ્યામજી વૈરાગ્યનું સ્વરૂપ છે.**

શ્રીઘનશ્યામજી સિંચે સુધા, જીવન સકલ બ્રહ્માંડ રે રસના;

નાહ તે **શ્રીકૃષ્ણાવતી** તણા, લીલા નિત્ય અખંડ રે રસના ।। ૧૧ ।।

(ગોપાલદાસજી વલ્લભાખ્યાન)

....................,વિરહ શ્રીઘનશ્યામ સ્વરૂપકે,

(શ્રીદ્વારકેશજી કૃત મૂલપુરુષ)

શ્રીશોભા બેટીજી, શ્રીયમુના બેટીજી,

શ્રીકમલા બેટીજી, શ્રીદેવકા બેટીજી

શ્રીશોભા બેટીજીનું નામ આપણાં શ્રીગોકુલેશ પ્રભુનાં ગુણગાનમાં ઘણી વાર આવે છે. શ્રીશોભા બેટીજીને શ્રીદાદાજી શ્રીગોકુલેશ પ્રભુ પ્રત્યે સહજ ભાવ હતો. અને સાથેજ વિશેષ આસક્તિ પણ ધરાવતાં હતાં. વધું માહિતીનો અમારી પાસે અભાવ હોવાને કારણે વધારે આપ ચાર બેટીજીઓ વિશે નથી લખતા, તે માટે અમને ક્ષમા કરશો. પણ નવમાં વલ્લભાખ્યાનમાં ગોપાલદાસજી ગાય છે

શોભા, યમુના, કમલા, દેવકા, જેને સાત બાંધવ સૌભાગ્ય રે રસના;

એહુના ચરણ-સ્મરણ કરી, શ્રીવિઠ્ઠલ પદ-ર–રતિ માગ્ય રે રસના ।। ૧૩ ।।

આ છે શ્રીમહાપ્રભુજીનો પરિવાર, જેમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીગિરિધરજી, શ્રીગોવિન્દજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલપતિ-શ્રીગોકુલેશ પ્રભુ (તાત તણો પ્રતિબિંબ રે રસના), શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, અને શ્રીઘનશ્યામજી. આ સર્વ સ્વરૂપમાં એક્યતા છે, તેથીજ, આપ સર્વ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી થી શ્રીઘનશ્યામજી સુધી યેહિ તેહી તેહી યેહી કછું નહીં સંદેહ. સર્વ સ્વરૂપ એક રૂપ છે તેમાં કોઇ સંદેહ નથી.

ઈતિ શુભમ્

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વર્ષ ૨ અંક ૧ ચૈત્ર વદ ૧૧, ૨૦૬૪

શ્રીગોકુલેશ પાઠશાળા

તાત તણો પ્રતિબિંબ રે રસના – ૧

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય શ્રીગોકુલમેં શ્રીગોકુલનાથજીકે સન્મુખ (શ્રીબડી બૈઠક, શ્રીમદ્ ગોકુલ)વૈષ્ણવકું ચરણ સ્પર્શ કરાવતી બિરીયાં આપને આજ્ઞા કીની જે, ઓર ઘરકે બાલકકી જુઠન મત લીજો, ઓર વાકે ચરણ સ્પર્શ મત કરીયો, ઓર અન્યાશ્રય મત કરીયો, ઓર જેસે દેખેહે તેસો સ્વરૂપ હૃદયમેં ધારન કરીયો.... એસી આજ્ઞા કર વૈષ્ણવકે દો હાથ પકડકે ચરણ સ્પર્શ કરાયે.૮૭